## ગુજરાત યુનિવર્સિટી અભ્યાસક્રમ

## ગુજરાતી : ૨૦૦૬ની પરીક્ષા માટે

## એમ. ફિલ.

### પ્રશ્નપત્ર - ૧ : સંશોધનની પદ્ધતિઓ : ૧૦૦ ગુણ

એકમ - ૧ : (અ) 'સંશોધન' સંજ્ઞાનો અર્થ
(બ) સંશોધનની વિભાવના
એકમ - ૨ : (અ) સંશોધનની પદ્ધતિઓ
(બ) વિજ્ઞાન, વ્યવહારવિજ્ઞાન અને સાહિત્યિક સંશોધન વચ્ચેના સામ્યભેદ
એકમ - ૩ : (અ) સમીક્ષા અને સંશોધન વચ્ચેના સામ્યભેદ
(બ) સંપાદન અને સંશોધન વચ્ચેના સામ્યભેદ
(ક) સંશોધનમાં માર્ગદર્શક અને શોધાર્થીની ભૂમિકા
(ડ) સાહિત્યિક સંશોધનના પ્રકારો : સ્વરૂપલક્ષી, પ્રવાહલક્ષી, કૃતિલક્ષી, કર્તાલક્ષી, તુલનાત્મક, પ્રયુક્તિલક્ષી, આંતરવિદ્યાકીય
એકમ - ૪ : હસ્તપ્રતવાચના, હસ્તપ્રતસંપાદન અને હસ્તપ્રતલિપિ પરિચય :
(અ) પાઠસમીક્ષાના પ્રકારો, હસ્તપ્રતનો વંશાનુક્રમ
(બ) સંચરિત પાઠયગ્રંથમાં પ્રવેશતી અશુદ્ધિઓ
(ક) હસ્તપ્રતલેખનની સામગ્રી
(ડ) મધ્યકાલીન કૃતિના સંપાદનની સમીક્ષા
એકમ - ૫ : સંશોધનમાં રૂપરેખા (સિનોપ્સિસ), સૂચિ, ટિપ્પણ અને પરિશિષ્ટનું મહત્વ

<u>*કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રંથો*</u>

૧. 'સાહિત્યિક સંશોધન વિશે' : સુમન શાહ
૨. 'સાહિત્યિક સંશોધન' : ચં. પૂ. વ્યાસ
૩. 'સાહિત્યિક તથ્યોની માવજત' : જયંત કોઠારી
૪. 'હસ્તપ્રત સંપાદન' : હરિવલ્લભ ભાયાણી

### પ્રશ્નપત્ર - ૨ : સાહિત્યિક સમસ્યાઓ અને વિવાદો : ૧૦૦ ગુણ

અ
૧. નરસિંહનો સમય
૨. નરસિંહની શંકાસ્પદ કૃતિઓ
૩. 'વસંતવિલાસ'નું કર્તૃત્વ
૪. પ્રેમાનંદની શંકાસ્પદ રચનાઓ
૫. દયારામ ભક્તકવિ કે પ્રણયકવિ ?

બ
૧. વૃત્તિમય ભાવાભાસ
૨. કાવ્યમાં છંદ, ગદ્યકાવ્ય અને ગુજરાતી કવિતામાં મહાકાવ્યને અનુરૂપ છંદોખોજ
૩. ટૂંકી વાર્તા અને ઘટનાનું તિરોધાન
૪. સાહિત્યમાં બોલીનો પ્રયોગ
૫. નાટકમાં પદ્ય અને પદ્યનાટક

*નોંધ : પ્રત્યેક ખંડમાંથી બબ્બે એટલે કે કુલ ચાર સમસ્યાઓ પ્રતિ વર્ષ અભ્યાસક્રમમાં રાખવી.*

*૨૦૦૬ના વર્ષ માટે*

(અ) 'નરસિંહનો સમય'

(બ) 'દયારામ' : ભક્તકવિ કે પ્રણયકવિ ?

(ક) કાવ્યમાં છંદ, ગદ્યકાવ્ય, ગુજરાતી કવિતામાં મહાકાવ્ય ને અનુરૂપ છંદોખોજ

(ડ) સાહિત્યમાં બોલીનો પ્રયોગ

એકમ - ૧ : પ્રથમ સમસ્યાને આવરી લેતા સામાન્ય પ્રશ્નો

એકમ - ૨ : દ્વિતીય સમસ્યાને આવરી લેતા સામાન્ય પ્રશ્નો

એકમ - ૩ : તૃતીય સમસ્યાને આવરી લેતા સામાન્ય પ્રશ્નો

એકમ - ૪ : ચતુર્થ સમસ્યાને આવરી લેતા સામાન્ય પ્રશ્નો

## પ્રશ્નપત્ર - ૩ : વિવિધ સાહિત્યિક અભિગમો અને કૃતિઓ ૧૦૦ ગુણ

એકમ-૧ : (અ) સાહિત્ય અને સામાજિક અભિગમ (દલિતવાદી, નારીવાદી, ગાંધીવાદી, દેશીવાદી, પ્રગતિવાદી આદિ)

એકમ-૨ : (બ) સાહિત્ય અને મનોવૈજ્ઞાનિક અભિગમ (ગ્રંથમૂલક, આંતરચેતના પ્રવાહ મૂલક, જાતીયતામૂલક આદિ)

એકમ-૩ : (ક) સાહિત્ય અને તત્ત્વજ્ઞાનલક્ષી અભિગમ (પ્રત્યભિજ્ઞામૂલક, અસ્તિત્વવાદમૂલક, પ્રતિભાસશાસ્ત્રમૂલક, વિઘટનમૂલક આદિ)

એકમ-૪ : મધ્યકાલીન કૃતિ : 'નળાખ્યાન' : પ્રેમાનંદ
અર્વાચીન કૃતિ : 'દૂરના એ સૂર' : દિગીશ મહેતા
બંને કૃતિઓના સામાન્ય પ્રશ્નો અને ટૂંકી નોંધો

*કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રંથો*

૧. 'વિવિધ સાહિત્યિક અભિગમો' : સં. મનહર મોદી, વિનાયક રાવળ, બળવંત જાની ('અધીત'નો વિશેષાંક)